ક્રમાંક: સીડીએમ-૨૦૦૮/ ૮૦૫૩/(૨૮૦ ) - ક૨
ન.જ.સં.પા.પૂ અને ક વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા: ૧૪-૧૧-૨૦૦૮

પ્રતિ,
અધિક્ષક ઇજનેરશ્રી
સરદાર પટેલ સહભાગી સિંચાઇ વર્તુળ , રાજકોટ
રાજકોટ સિંચાઇ યોજના વર્તુળ , રાજકોટ
ભાવનગર સિંચાઇ યોજના વર્તુળ , ભાવનગર
ક્ષાર પ્રવેશ નિવારણ વર્તુળ , રાજકોટ
અમદાવાદ સિંચાઇ યોજના વર્તુળ , અમદાવાદ
પાલનપુર સિંચાઇ યોજના વર્તુળ , પાલનપુર
સુજલામ સુફલામ વર્તુળ -૨, મહેસાણા
જળ સંપત્તિ સંશોધન વર્તુળ, અમદાવાદ
મહી સિંચાઇ વર્તુળ , નડિયાદ
વડોદરા સિંચાઇ વર્તુળ , વડોદરા
પાનમ યોજના વર્તુળ , ગોધરા
કડાણા યોજના વર્તુળ,
હિંમતનગર સિંચાઇ યોજના વર્તુળ , હિંમતનગર
કરજણ નહેર વર્તુળ , રાજપીપળા
દમણગંગા યોજના વર્તુળ, વલસાડ
ઉકાઇ (સી) વર્તુળ , ઉકાઇ
સુરત સિંચાઇ વર્તુળ , સુરત
કચ્છ સિંચાઇ વર્તુળ , ભૂજ
રાજકોટ પંચાયત સિંચાઇ વર્તુળ , રાજકોટ
ગાંધીનગર પંચાયત સિંચાઇ વર્તુળ , ગાંધીનગર
વડોદરા પંચાયત સિંચાઇ વર્તુળ , વડોદરા
ભૂગર્ભ જળવ્યવસ્થાપન વર્તુળ , મહેસાણા
ભૂગર્ભ જળવ્યવસ્થાપન વર્તુળ , અમદાવાદ

વિષય : ચેકડેમો ની કામગીરી અંગે માન. મંત્રીશ્રી (જ.સં.) ના અધ્યક્ષસ્થાને તા. ૩–૧૦–૨૦૦૮ ની સમીક્ષા બેઠક

તા. ૩–૧૦–૨૦૦૮ના રોજ માન.મંત્રીશ્રી(જ.સં.)ના અધ્યક્ષસ્થાને સરદાર પટેલ સહભાગી જળ સંચય યોજનાની કામગીરીનાં સુચારુ અમલીકરણ સારું થયેલ બેઠક માં નકકી થયા અનુસાર નીચે મુજબના નિયમો / સુચનાઓ મુજબ ચેકડેમોની કામગીરી હાથ ધરવાની રહેશે.

:૧: રાજયમાં બંધાતા ચેકડેમોને સામેલ પત્રક મુજબ જીલ્લા અને તાલુકાનાં કોડ સહિત આઈડેન્ટીફીકેશન નંબર આપવો.

:૨: મંજુરીની વહીવટી પ્રક્રિયા :

- રૂા.૬ લાખ સુધીની અંદાજીત રકમના ચેકડેમ એનજીઓ અને પ્રાયોજક ધ્વારા હાથ ધરવા. સરકારશ્રી કક્ષાએથી મંજુર કરવામાં આવેલ જીલ્લાવાર ચેકડેમની સંખ્યાની મર્યાદામાં કાર્યપાલક ઈજનેરશ્રી કક્ષાએ ચેકડેમો અરજીનાં અગ્રતાક્રમ મુજબ મંજુર કરવાના રહેશે.
- રૂા. ૬ લાખથી ઉપર અને૧૫ લાખ સુધીના ચેકડેમો એન.જી.ઓ ધ્વારા અથવા ટેન્ડરથી હાથ ધરવા . આવા ચેકડેમો અધ્યક્ષશ્રીના પરામર્શમાં, અ.ઈ.શ્રી કક્ષાએ મંજુર કરવાના રહેશે.

- રૂા. ૧૫ લાખથી ઉપરના ચેકડેમો પસંદ કરેલા એન.જી.ઓ અથવા ટેન્ડરથી હાથ ધરવા. આવા ચેકડેમો સરકાર કક્ષાએ મંજુર કરવાનાં રહેશે.
- રાજયના દરેક જીલ્લામાં ચેકડેમો સપ્રમાણ બાંધકામ થાય તે માટે જયાં ચેકડેમોના બાંધકામ માટે પસંદ કરેલ એન.જી.ઓ. ઉપલબ્ધ ન હોય તેવા ચેકડેમો ટેન્ડરથી હાથ ધરવા.

:૩: ૧ એમ.સી.એફ.ટી. થી વધારે સ્ટોરેજવાળા ચેકડેમોને મોટા ચેકડેમ ગણવાના રહેશે.

:૪: ચેકડેમોના બાંધકામની ગુણવત્તાને પ્રાધાન્ય આપવાનું રહેશે. ઉચ્ચ અધિકારીઓએ આકસ્મિક ચેકીંગ કરવાનું રહેશે, જયારે ગુણવત્તા નિયમનના અધિકારીઓ નિયત ધારાધોરણો મુજબ સ્થળ મુલાકાત લઈ તેમનો લેખિત અહેવાલ/ચેકલીસ્ટ આપવાના રહેશે. ગુણવત્તા નિયમનનો અહેવાલ/ચેકલીસ્ટ વગર બીલો મંજુર કરી શકાશે નહીં.

:૫: વર્ષ દરમ્યાન દરેક પેટા વિભાગે ઓછામાં ઓછા ૭૫ ચેકડેમો બાંધવાનો પ્રયત્ન હોવો જોઇએ અને અપુરતો સ્ટાફ જયાં હોય ત્યાં ચેકડેમની સર્વે, સંશોધન અને આલેખનની કામગીરી આઉટ સોર્સીંગથી કરવી. કવાલીટી જળવાય તે પ્રમાણે કામગીરીની દેખરેખનું આયોજન કરવું.

:૬: એમ.આઈ.પી. સીડીઓના અધિકારીઓ ધ્વારા પુરતા પ્રમાણમાં ચેકડેમોના સ્થળની મુલાકાત લેવાની રહેશે.

:૭: જયાં ચેકડેમોની વધારે માગણી છે ત્યાં, ઓછી માગણી અથવા જયાં ઓછો વર્કલોડ છે ત્યાંથી સ્ટાફને ડાયવર્ટ કરવાનાં રહેશે.

:૮: ચેકડેમોનું બાંધકામ પુર્ણ થયાબાદ ચેકડેમના ઉપરવાસ અને નીચવાસમાં ખોદાયેલ માટીના વધારાના ઢગલા તથા જાળાજાંખરા દૂર કરવામાં આવતા નથી, તે દૂર કરવા તથા ચેકડેમો ભરાય તે પહેલાં અને ભરાયાબાદની સ્થિતિના ફોટોગ્રાફસ રેકર્ડમાં રાખવા.

:૯: તળાવોની કામગીરી એપ્રિલ માસથી શરૂ કરવામાં આવે છે, તેને બદલે ચોમાસું પુરૂ થયાબાદ તુર્તજ તળાવો ની કામગીરી હાથ ધરવી અને એપ્રિલ માસ બાદ તળાવો ઉંડા કરવાની શરુઆત ન કરવી. અને તા. ૧ મે પહેલા કામગીરી પુર્ણ કરવી.

બિડાણ: ઉપર મુજબ

(કે.બી.વસા )
ઉપસચિવ (જળસંચય)
ન.જ.સં.પા.પૂ અને ક વિભાગ

પ્રતિ,

- માનનીય મંત્રીશ્રી (જ.સં) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માનનીય અધ્યક્ષશ્રીઓ - સ.પ.સ.જ.યો.કાર્યાનવ્યન સમિતિ - ગુજરાત ક્ષેત્ર ના અંગત સચિવશ્રી
- માનનીય અધ્યક્ષશ્રીઓ - સ.પ.સ.જ.યો.કાર્યાનવ્યન સમિતિ - સૌરાષ્ટ્ર ક્ષેત્રના અંગત સચિવશ્રી.
- અગ્ર સચિવશ્રી (જ.સં.) ના અંગત મદદનીશશ્રી, સચિવાલય ગાંધીનગર
- ખાસ સચિવશ્રી (જ.સં.) ના અંગત મદદનીશશ્રી, સચિવાલય ગાંધીનગર
- મુખ્ય ઇજનેર (સૌ.) અને અધિક સચિવશ્રી
- મુખ્ય ઇજનેર (ઉ.ગુ) અને અધિક સચિવશ્રી
- મુખ્ય ઇજનેર (મ.ગુ) અને અધિક સચિવશ્રી
- મુખ્ય ઇજનેર (દ.ગુ) અને અધિક સચિવશ્રી
- મુખ્ય ઇજનેર (પં) અને અધિક સચિવશ્રી
- અધિક્ષક ઈજનેર શ્રી ( યાદી મુજબ)